The CO-OPERATIVE BANK

# અમારી સદ્‌વર્તન નીતિ

આ ધી કો–ઓપરેટિવ બેંક અને smile.co.uk ની સદ્‌વર્તન નીતિ છે, જે અમારા ગ્રાહકો સાથેના વિસ્તૃત વિચાર વિનિમય પર આધારિત છે. અને તેઓએ કેવી રીતે તેમના પૈસાનું રોકાણ કરવું કે ના કરવું જોઈએ એ અંગે તેમની નૈતિક કાળજી છતી કરે છે. અમારા ભાગીદારો અને સપ્લાયરોની પસંદગી અમે શી રીતે કરીએ છીએ તે પણ એમાંથી જાણવા મળે છે.

## માનવ અધિકાર

અમારા રોકાણો દ્વારા અમે માનવ અધિકારના વૈશ્વિક જાહેરનામાના સિદ્ધાંતોને ટેકો આપવા ઈચ્છીએ છીએ. આ સાથે, અમે આમાં રોકાણ નહિ કરીએ :

- કોઈ સરકાર કે ધંધામાં જે તેના પ્રભાવ ક્ષેત્રમાં પ્રાથમિક માનવ અધિકાર જાળવવામાં નિષ્ફળ નીવડે છે
- એવો ધંધો જેના દમનકારી શાસન સાથેના સંબંધો ચિંતાનું સતત કારણ બનેલા હોય.

## શસ્ત્ર વેપાર

આમાં સંકળાયેલા કોઈ પણ ધંધામાં અમે રોકાણ કરતા નથી :

- દમનકારી શાસનોમાં શસ્ત્રોનું ઉત્પાદન કે નિકાસ
- માનવ અધિકારના ઉલ્લંઘનમાં વપરાતા સાધનો કે અત્યાચાર કરવામાં વપરાતા સાધનોના ઉત્પાદન.

## કંપનીઓની જવાબદારી અને વૈશ્વિક વેપાર

આંતરરાષ્ટ્રિય મંજુર સંગઠનની પાયારૂપ સમજૂતીઓ માટે અમે ટેકાના હિમાયતી છીએ. આ સાથે નીચેના સંદર્ભમાં જવાબદારીભર્યું વલણ લેનારા વ્યવસાયનો ટેકો આપવા ઈચ્છીએ છીએ :

- પ્રામાણિક વેપાર
- પોતાના કામકાજમાં અને વિકાસશીલ દેશોમાં તેમની પૂરવઠા સાંકળ દ્વારા મંજુર અધિકાર.

અમે ટેકો નહિ આપીએ :

- વિકાસશીલ દેશોમાં બિનજવાબદાર બજારુ વ્યવહાર
- તમાકુની બનાવટોનું ઉત્પાદન
- ચલણની સટ્ટાખોરી

## જીન્સની સુધારણા

જીન્સ સુધારીને નવી સજીવ જાતો વિકસાવવાના (Genetically modified organisms- GMO) ના વિકાસને લગતા ધંધામાં અમે રોકાણ કરીશું નહિ ખાસ કરીને જ્યાં નીચેની બાબતોના પુરાવા મળતા હોય :

- જ્યાં પર્યાવરણમાં અનિયંત્રિત રીતે જીએમઓ મુકત કરાતા હોય
- વિકાસશીલ દેશો માટે કોઈ નકારાત્મક અસર ખાસ કરીને "ટર્મિનેટર" ટેકનોલોજી લાદવી;
- પેટન્ટો મેળવવી; ખાસ કરીને સ્થાનિક જાણકારીની બાબતોની બિન તબીબી હેતુ માટે પ્રાણીઓનું ક્લોનિંગ કરવું.

## સામાજિક ઉદ્યમ

અમે નિમ્નલિખિત સામાજિક ઉદ્યમ ક્ષેત્રે સંકળાયેલ વિશાળ પાયાની સંસ્થાઓ અને સંગઠનોની મદદ મેળવવા ઈચ્છીએ છીએ ; જેમકે,

- સહકારી સંસ્થાઓ
- ધીરાણ સંઘો
- સામુદાયિક ધીરાણ યોજનાઓ

## પર્યાવરણને અસર

અમારા પર્યાવરણ મિશન નિવેદન માટેના સિદ્ધાંતોને આધારે અમે એવા કોઈ ધંધામાં રોકાણ નહિ કરીએ જેમાં મુખ્યત્વે નીચેની પ્રવૃત્તિઓ થતી હોયઃ

- વૈશ્વિક વાતાવરણ ફેરફાર, જીવાશ્મ બળતણના ઉત્પાદન અથવા ખાણકામ દ્વારાઉ
- એવા રસાયણોનું ઉત્પાદન જે પર્યાવરણમાં ટકી રહે અને લાંબા ગાળે આરોગ્ય માટે ચિંતાજનક બની રહે.
- કુદરતી સ્રોતોનો અણઘડ દુરૂપયોગ જેમ કે, માછલી અને લાકડાં.

વળી અમે નીચેના ધંધામાં સહાય કરવા ઈચ્છીએ છીએઃ

- નકામી વસ્તુને ટકાઉ અને પુનઃ ઉપયોગી બનાવવી
- શકિત અને શક્તિની કાર્યક્ષમતાને પુનઃ જીવિત બનાવવી
- લાકડા અને કાર્બનિક ઉત્પાદનો જેવા કુદરતી ઉત્પાદન અને સેવાઓને ટકાઉ બનાવવી
- પર્યાવરણીય સક્ષમતાની કાળજી.

## પશુ કલ્યાણ

અમે આમાં સંકળાયેલા ધંધામાં રોકાણ કરીશું નહિઃ

- પ્રસાધનો, ઘરવપરાશનાં ઉત્પાદનો અને પદાર્થો માટે પ્રાણીઓનો ઉપયોગ
- વિસ્તૃત ખેતી પદ્ધતિ જેવી કે પાંજરામાં ઈંડાનું ઉત્પાદન
- લોહિયાળ રમત જેમાં પ્રાણીઓ અને પક્ષીઓ પકડવામાં, લડાવવામાં અને એકબીજાને મારી નાખવામાં એનો ઉપયોગ થાય છે
- ફરનો (પ્રાણીના વાળનો) વેપાર.

ઉપરાંત અમે નીચે સંકળાયેલા ધંધામાં સહાય કરવા ઈચ્છીએ છીએ :

- સંશોધન કાર્યમાં પ્રાણીઓના વિકલ્પોનો વિકાસ
- ખેતી પ્રણાલી જેમાં પશુ કલ્યાણને પ્રોત્સાહન મળે. દા.ત. ખુલ્લી ખેતી પદ્ધતિ.

## ગ્રાહક સાથે વિચાર વિનિમય

- અમે નિયમિત રીતે આ અને અન્ય મુદ્દાઓ માટે ગ્રાહકોના મંતવ્યોને પુનઃ મુલવીએ છીએ અને એ મુજબ અમારી સદ્‌વર્તનની નીતિમાં વિકાસ કરીએ છીએ.
- સમયે સમયે અમારી સદ્‌વર્તનની નીતિ અને બીજા નૈતિક પ્રકાશનોમાં અમે અમારા ગ્રાહકોના મંતવ્યોને રજુ કરવા ઈચ્છીએ છીએ; જેમકે, અમારી પ્રચાર પ્રવૃત્તિ દ્વારા
- પ્રસંગોપાત અમારી સદ્‌વર્તનની નીતિમાં સમાવેશ ન થયો હોય તેવા નૈતિક મુદ્દાઓ અંગે કોઈ ખાસ વ્યવસાય વિશે નિર્ણય લઈશું.

અમારી સદ્‌વર્તનની નીતિ અંગે વધુ માહિતી માટે બેંકની વેબસાઈટ: www.cooperativebank.co.uk/ethics/ethicalpolicy.html ની મુલાકાત લો.